ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૯/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 Email :krcscbhavnagar@yahoo.co.in Website : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date :19th September, 2017

પ્રતિ,

તંત્રી શ્રી,

.................................................................................., ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના સંયુક્ત ઉપક્રમે
**આપણે સૌ ઓઝોન રક્ષકો વિષય પર વિવિધ સ્પર્ધાઓ દ્વારા "વિશ્વ ઓઝોન દિવસની ઉજવણી**

આજના પ્રવર્તમાન સમયમાં માનવી પોતાના પ્રગતિ માટે કુદરતી વ્યવસ્થાઓમાં જે હસ્તક્ષેપ કરતો થયો છે તેના ભાગરૂપે સમગ્ર જીવસૃષ્ટિ જેના પર અવલંબે છે તેવી આપણી પૃથ્વીનું રક્ષણ કરતુ 'ઓઝોન સ્તર ધીમે ધીમે નષ્ટ થઇ રહ્યું છે. આ ઓઝોન સ્તરના રક્ષણ માટે ૧૬ સપ્ટેમ્બર ૧૯૮૭ ના રોજ મોન્ટેલ પ્રોટોકોલ દ્વારા વિવિધ દેશો દ્વારા " વિશ્વ ઓઝોન દિવસ" ની ઉજવણી કરવામાં આવે છે. જેના ભાગરૂપે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર અને ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ, પ્રાદેશિક કચેરીના સંયુક્ત ઉપક્રમે "આપણે બધા ઓઝોન રક્ષકો" (We are all OzoneHeros) વિષય વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે.

જે અંતર્ગત તા.૧૬/૯/૨૦૧૭ શનિવારના રોજ સવારે ૮.૦૦ કલાકથી ૧૦ કલાક દરમ્યાન શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, સરદારનગર અને બપોરે 3:30 કલાક થી સાંજના ૭ કલાક દરમિયાન કલાકેન્દ્ર,ફાઈન આર્ટસ કોલજ ભાવનગર ખાતે "આપણે બધા ઓઝોન રક્ષકો" (We are all Ozone Heroes) વિષય પર ચિત્ર સ્પર્ધા, નિબંધ અને વિડીઓ ફિલ્મ મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમાં શ્રી ફાલ્ગુનભાઈ મોદી ( R.O. GPCB),શ્રી વિકાસભાઈ પનોત (અધિકારી GPCB),શ્રી હર્ષદભાઈ મોણપરા (BIODIVERSITY),શ્રી પરેશભાઈ ત્રિવેદી (K.F.T પ્રમુખ),શ્રી શૈલેશભાઈ ડાભી ( શિક્ષક, ફાઈન આર્ટસ કોલેજ),ડૉ.અશોકભાઈ પટેલ (ચિત્ર શિક્ષક BMC સ્કૂલ) વગેરે મહાનુભાવો હાજરી આપી હતી.

" વિશ્વ ઓઝોન દિવસ " અંતર્ગત આયોજિત ચિત્ર સ્પર્ધા કુલ ત્રણ વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં વિભાગ A (૧ થી ૯ વર્ષના બાળકો) માં પ્રથમ ક્રમે શાહ સાક્ષી જે.,દ્વિતીય ક્રમે કુકડિયા ધૈર્ય વી.,તૃતીય ક્રમે શાહ સાંચી જે. વિભાગ B (૧૦ થી ૧૭ વર્ષના બાળકો) માં પ્રથમ ક્રમે શાહ મિલી,દ્વિતીય ક્રમે પઠાણ અલીશાખાન.,તૃતીય ક્રમે દિવાન ઉમ્મેસલમાં એ. વિભાગ C (૧૮ થી ઉપરના લોકો) માં પ્રથમ ક્રમે ગોહિલ વૈદેહી વી.,દ્વિતીય ક્રમે શુક્લા નિધિ.,તૃતીય ક્રમે સેંતા સંગીતા ઉતીર્ણ થયેલ.તથા ચિત્ર સ્પર્ધામાં મનન પટેલ,રાજ્યગુરુ નીલ,ધનાની અસ્થા,ચાવડા રાહુલ.તેરીયા હિમાંશુ, ભૂત ઓમ ને પ્રોત્સહાન ઇનામ આપી પ્રાત્સાહિત કરવામાં આવ્યા હતા.આ સ્પર્ધા ઉપરાંત આયોજિત નિબંધ સ્પર્ધામાં પ્રથમ ક્રમે હરસોરા દર્શિતા.,દ્વિતીય ક્રમે ડૉ. રૂચા શાહ.,તૃતીય ક્રમે રાવલ હેતલબેન અને વિડીઓ ફિલ્મ મેકિંગ સ્પર્ધામાં અનુક્રમે જોષી અજય., ધાપા હર્ષદ., વ્યાસ યશપાલ પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરેલ.

ઉપરોક્ત કાર્યક્રમોમાં કુલ મળીને 156 પર્યાવરણપ્રેમી અને ૫૬ સ્કાઉટગાઈડના વિધાર્થીઓ જોડાઈ પર્યાવરણ પ્રત્યેની પોતાની ફરજો સમજી પર્યાવરણ અને માનવના સંબંધને મિત્રતાથી બાંધવામાં સાથ આપેલ.

19.9.17

(હર્ષદ જોષી)

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.